રેકિ વિદ્યાનિકેતન
શ્રી સ્વામી સમર્થ મઠ
દેવરૂખ કાટવલી માર્ગ
તા. સંગમેશ્વર
જી. રત્નાગિરિ
મહારાષ્ટ્ર ભારત
ટેલીફોન : ૯૧૨૩૫૪૨૪૧૩૨૨

# રેકિ વિદ્યા નિકેતન

વોલ્યુમ ૩ અંક ૬ ૦૧-૦૭-૨૦૧૧

આ અંક અંતર્ગત :

બારીની બહારની તરફ જોતાં.... ૧
હોસ્પીટલોમાં હીલી ગ પ્રકટીસ તરીકે રેકિનો પ્રયોગ ૨
રેકિ સ્ટુડન્ટ્સના અનુભવો ૩
રેકિ સ્ટુડન્ટ્સના અનુભવો ૪
શ્વાનના ઉપચારનો રસપ્રદ પ્રયોગ ૫
અગ્નિહોત્રમાં રેકિનો અદ્‌ભુત પ્રયોગ ૬
ગુરુજીની આગામી અમેરિકા યાત્રા ૭
આશ્રમજ્ઞાન અને રેકિ સેમિનારનું સમયપત્રક ૮

## બારીની બહારની તરફ જોતાં .....

‘‘મારા બાજુના સૈન્યએ પીછેહઠ કરી છે અને મારૂં કેન્દ્રનું સૈન્ય પડી ભાંગ્યું છે હવે હું હુમલો કરીશ’’. યુદ્ધના ઇતિહાસમાં આ પ્રખ્યાર શબ્દો Coloner Fowler નાં છે. આ તે મહાન યોદ્ધાના અત્યંત કટોકટી ભરી સ્થિતિમાં બોલાયેલા શબ્દો છે.

આ શબ્દોએ મને અત્યારની પરિસ્થિતિની યાદ દેવડાવી, કે જેમાં બધું સારૂં તેમજ પવિત્ર દેખાતું હતું તે આપણી આસપાસ નાશ પામતું જણાયું. નૈતિક મુલ્યો, સામાજીક મુલ્યો, વર્તનના ધોરણો... અને બધુજ.... સમગ્ર જુઠ્ઠાણાનો, સંપૂર્ણ સત્ય તરીકે પ્રચાર કરાય છે. યુદ્ધો અત્યંત છે અને મૃત્યુ અતિશય પ્રમાણમાં થાય છે. કલ્પના બહારની હિંસા થાય છે અને કુદરતી આફતોનો તો પાર જ નથી. આ બધું બને છે ત્યારે મને સ્વગ ય વસંત પરાંજપે કે જેઓ આધુનિક જમાનાના સંત છે અને થોડા વર્ષો પહેલાં જ મારા જીવનમાં આવ્યા હતા, તેમના શબ્દો મને યાદ આવે છે કે એવો વખતા આવશે જયારે લોકો તેમની બારીની બહાર પણ જોઇ નહી શકે. આસપાસ મૃત્યુ થતા હશે. મૃતદેહોની દુર્ગંધ વાતાવરણને ભરી દેશે. હું આજકાલ મૃત્યુનું નર્તન આપણા રેકિ પરિવારમાં પણ જોઇ રહ્યો છું. છેલ્લા ૧૦ દિવસમાં ત્રાણ રેકિ સાધકના માતાઓનું મૃત્યુ થયું. શ્રી અમિત અને કવિતા શાહ, શ્રી નન્દાદીપ પાટીલ (બોરીવલી, મુંબઇ) અને શ્રી અમિત સાને જે દેવરૂખમાં આપણા ટ્રસ્ટી છે. તે બધાએ દશ જ દિવસમાં તેમની વહાલસોયી મા ગુમાવી છે. રેકિ પરિવારે એવા લોકો ગુમાવ્યા છે જેઓ તેમના જીવનધ્યેય તેમજ પ્રવૃત્તિમાં ઉચ્ચ કક્ષાના આશ્રયદાતા હતા. હું અમારા બધા વતી વિખુટા પડેલા સાધકોને તેમજ તેમના પરિવારને દિલાસો પાઠવું છું. તેમના વિદાય લઇ રહેલા આત્માને શાંતિ મળે અને તેઓ પૂર્ણત્વ પ્રાપ્ત કરે તે માટે અમે સહુ તેમને રેકિ મોકલીએ છીએ. અમિત અને કવિતા શાહના માતા અંજનાબેન ઉમદા વ્યકિત હતા અને તેઓ રેકિ પણ શીખ્યા હતા. તેમજ રેકિમાં ખૂબ વિશ્વાસ ધરાવતા હતા. મૃત્યું પહેલાં તેઓ તેમના કેન્સર સામે બહાદૂરીથી લડયા હતા. તેમના આ સંઘર્ષને સલામ. નન્દાદીપ પાટીલના માતાનું મૃત્યુ પણ ગૌરવવંતુ થયું. તેના પુત્રા સાથે ફોન પર વાત કરતા, કોઇને ખબર પડે તે પહેલાં જ તેમનું મૃત્યું થયું. નન્દાદીપ સ્વામીના સંનિષ્ઠ ભકત છે અને સ્વામીની ખૂબ સેવા કરે છે. તેમની આ સેવાનું ફળ તેમની માતાને મળ્યું અને શાંતિથી મૃત્યુ પામ્યા. અમિત સાને ના માતા શુભદા પણ સંનિષ્ઠ રેકિ ચેનલ તેમજ સ્વામી-ભકત હતા. છેલ્લા કેટલાક વર્ષોથી તેમને આશ્રમ આવવામાં તકલીફ થતી હતી તેમ છતાં દર ગુરૂવારે તેઓ આરતીમાં અચૂક હાજરી આપતાં તેમને મારૂં દિગંબરાનું ગાયન ખૂબ ગમતું. મને એક વખતે તેમણે કહેલું કે જયારે હું ઘરે આ સાંભળું છું ત્યારે હું બધા કામ પડતા મુકીને ભકિતના સાગરમાં ડુબી જાઉ છું. જયારે તેઓ મને આ કહેતા હતા ત્યારે તમની આંખમાંથી અશ્રુ વહેવા લાગ્યા હતા. તે સાંભળ્યા પછી જયારે હું આરતી પછી દિગંબરા ગાતો ત્યારે તે તેમના માટેજ ગાતો હતો. હવે હું તે કોના માટે ગાઇશ? પરંતુ મને હૃદયમાં એવો વિશ્વાસ છે કે તેઓ આ વિશાળ વિશ્વમાં જયાં હશે ત્યાં મારૂં દિગંબરા જરૂર સાંભળતા હશે. મારા સાધકો અને તેમના પરિવાર માટે હું આ ક્ષણે ઉંડી લાગણીથી ખાત્રી આપું છું કે તેઓ આ કટોકટીની ક્ષણે એકલા નથી અમે સહુ તેમની સાથે છીએ અને સ્વામી પણ આપણી સાથે જ છે.

- અજીત સર





## હોસ્પિટલમાં હીલીંગ પ્રેકટીસ તરીકે રેકિનો પ્રયોગ

પૂજય ગુરૂજી,

જય ગુરૂદેવ,

કેમ છો?

આજે હું તેમને ખૂબ જ ઉત્સાહભર્યા સમાચાર કહેવાની છું.

મને યાદ છે કે વેસ્ટર્ન હોસ્પિટલમાં રેકીનું મહત્વ સમજાય, રેકિને અપનાવે તેમજ તેનો દદ ઓના ઉપચાર માટે ઉપયોગ કરવામાં આવે તે હંમેશા આપનું સ્વપ્ન રહ્યું છે. હોસ્પિટલમાં સીનીયર સીટીઝનના નસ ગ હોમમાં (વૃદ્ધાશ્રમમાં) વિ. સ્થળોએ રેકિના સેસન્સ લેવાય તેવું તમે ઇચ્છતા હતા, તો માની લો કે તમારૂં તે સ્વપ્ન સાકાર થયું છે. મે તમને મોકલી છે તે લી ક પર કલીક કરશો તો જણાશે કે ઇલીનોઇસ (Illinois)ની બે મુખ્ય હોસ્પિટલો એલેકસીઅન બ્રધર્સ મેડિકલ સેન્ટર અને સેન્ટ એલેકસીયસ મેડિકલ સેન્ટરમાં દર સોમવારે પીસતાલીસ મિનિટનાં રેકિના સેસન્સ નિયમિત રીતે લેવાશે.

ત્યાં રેકિ ફ્રી આપવામાં આવશે અને તે વોલન્ટીયર્સ દ્વારા આપવમાં આવશે તે વિષેની મને વિશેષ માહિતિ નથી. પરંતુ આ બાબતની જાણકારી મને જીમ (gym) માંથી મળી છે અને તે તમને કહેવા માટે ખૂબ જ ઉત્સાહિત હતી.

આ બે હોસ્પિટલોએ રેકિને અપનાવી અને તેમના દદ ઓને તેનો લાભ મળે તે વ્યવસ્થા માટે હું ખૂબ ખુશ છું.

http://alexian-cancer.org/cancer-institute-services/reiki

- કૃપા ભટ્ટ

## એલેકસીઅન બ્રધર્સ મેડિકલ સેન્ટર - શિકાગો માં રેકિ

(વેબસાઇટ પરથી)

રેકિ એ જીવન ઊર્જા અને અંદરની હીલી ગશકિત તેમજ ઇમ્યુનીટી સીસ્ટમને જોડતી એક વિશિષ્ટ પદ્ધતિ છે. તમારો થાક, દર્દ તેમજ સ્ટ્રેસને પીસ્તાલીસ મીનિટના રેકિના સેસન્સ દ્વારા દૂર કરો. તમારા મન, શરીર તેમજ આત્મા સાથે જોડાઇને શકિત તેમજ સ્ફુર્તિનો અનુભવ કરો. સોમવારે ઉપરના બંને સ્થળે અપોઇન્ટમેન્ટ મળી શકશે.

ફોર એલેક્સીઅન બ્રધર્સ મેડિકલ સેન્ટર કોલ : ૮૮૮-૪૬૬-૬૦૧૧, ૮૮૮-૪૬૬-૬૦૧૧

સેન્ટ એલેક્સીઅન મેડિકલ સેન્ટર કોલ : ૮૪૭-૭૫૫-૮૪૦૦, ૮૪૭-૭૫૫-૮૪૦૦

# રેકિ સ્ટુડન્ટ્સના અનુભવો

નાસિકમાં આ વર્ષે ૮, ૯ જુન દરમ્યાન લેવાયેલો રેકિ સેમિનાર અનોખો જ હતો કારણ કે મોટાભાગના પહેલી ડીગ્રી લીધેલા સાધકો બીજી ડીગ્રી લેવા માટે પૂરી રીતે તૈયાર હતા અને તેમને ખૂબ સરસ અનુભવ થયા હતા. દરેક તેમના અનુભવ મને લખીને આપ્યા હતા. આ ખરેખર અદ્‌ભૂત હતું. અને આવું પહેલાં કયારેય બન્યું ન હતું. એમાંના કેટલાક અનુભવો ન્યુઝ લેટરના વાંચકોનાં લાભાર્થે અહીં આપ્યા છે.

હું તમને રેકિની પ્રથમ ડીગ્રી લીધા પછીનો અનુભવ કહીશ.

(૧) મને ઘણા વખતથી સખત એસીડીટીની તકલીફ હતી. બે મહિના પહેલાં હું રેકિ શીખી. ત્યાર બાદ મારે એસીડીટીની એક પણ ગોળીલેવી પડી નથી. અને મને તેની જરા પણ તકલીફ નથી.

(૨) મને ખૂબ થાક લાગતો, અને થોડું કામ કર્યા પછી હું ખૂબ કંટાળી જતી. હવે હું ૨૪ કલાક પણ કામ કરૂં તો મને કંઇ વાંધો આવતો નથી. હું હંમેશા સ્ફુર્તિમાં રહું છું. રેકિ સાધના શું કરી શકે છે તેનું આ જીવંત ઉદાહરણ છે અને મને રેકિમાં અત્યંત વિશ્વાસ છે.

– શ્વેતા મહેતા (સંગમેશ્વર)

મને છેલ્લા ઘણા વર્ષોથી ચામડીનો રોગ હતો અને તે સ્ટીરોઇડની ટ્રીટમેન્ટ કરવા સુધી પહોં ચીગયો હતો. રેકિની પ્રથમ ડિગ્રી લીધા પછી અને તેની પ્રેકટીસ કરવાથી તે સમસ્યા સંપૂર્ણ રીતે દૂર થઇ છે.

મને છેલ્લા કેટલાક વર્ષોથી માઇગ્રેઇનનો પણ પ્રોબ્લેમ હતો. રેકિની પ્રથમ ડીગ્રીની શિક્ષા લીધા પછી મારો માથાનો દુ:ખાવો સાવ ગયો છે, મારે એક પણ ગોળી લેવી પડતી નથી અને હું શાંતિપૂર્વક ઉંઘી શકું છું.

– રેખા મહેતા (સંગમેશ્વર)

(૧) મને કરોડના મણકામાં તકલીફ હતી, ઘૂંટણમાં દુ:ખાવો હતો અને સ્ટ્રેસને લીધે હું ખૂબ ચીડાઇ જતી હતી. રેકિની સાધના કર્યા પછી મને ખૂબ ફરક લાગે છે. હવે હું હંમેશા ખૂબ જ પ્રસન્ન અને ખુશ રહું છું.

(૨) સ્પઇનલ પ્રોબ્લેમને લીધે હું ઘરના કામકાજમાં પુરૂં ધ્યાન આપી શકતી ન હતી. હવે હું ખૂબ કામ કર્યા પછી પણ ખૂબ તાજગી અનુભવું છું.

(૩) ઘૂંટણના દુ:ખાવાને લીધે હું પલાંઠી વાળીને બેસી શકતી ન હતી. હવે હું કશી તકલીફ વિના આરામથી બેસી શકું છું.

(૪) મને અનિદ્રાની તકલીફ હતી અને તેથી હું દિવસ દરમ્યાન ખૂબ ચિડાયેલી રહેતી. રેકિ કર્યા પછી મને ખૂબ સરસ ઉંઘ આવી જાય છે અને મારૂં ચિડચિડાપણું દૂર થઇ ગયું છે.

(૫) મારો પુત્ર બુદ્ધિશાળી હોવા છતાં તેનું વર્તન જોઇએ તેવું ન હતું. તેને આજ્ઞાચક્ર પર તેમજ પુસ્તકોને રેકિ આપતી હતી. હવે તેનું વર્તન અપેક્ષા મુજબનું થઇ ગયું છે અને તેણે પરીક્ષામાં પણ ખૂબ સારા માર્કસ મેળવ્યા છે. મને રેકિમાં પૂરેપૂરો વિશ્વાસ છે કેમકે તેના થકી મારા જીવનમાં ખૂબ પરિવર્તન આવ્યું છે.

– રીના શાહ (નાસિક)

રેકિની પ્રથમ ડીગ્રી કર્યા પછી મારા સ્વાસ્થ્યમાં નોં ધપાત્રસુધારો નોં ધાયોછે. હું મારા દદ ઓની સારવાર કરતી વખતે તે દવાને પણ રેકિ આપું છું. જેની દદ ઓના સ્વાસ્થ્ય પર ખૂબ સકારાત્મક અસર જોવા મળી છે. મને લાગે છે કે હવે મારી જવાબદારીઓ વધારે ક્ષમતા પૂર્વક નિભાવી રહી છું, હવે મારી ભૂલો ઓછી થાય છે. અને મારો આત્મ વિશ્વાસ વધ્યો છે.

– ડો. પ્રીતિ ડીઘે (મેડીકલ પ્રેકટીશનર)

# રેકિ સ્ટુડન્ટ્સના અનુભવો (Cont.)

મારો એક વધુ અનુભવ આપ સહુને કહેવો છે. ૧૭ વર્ષની સમાધિ નામની એક છોકરી બે મહિનાથી ઉપવાસ પર હતી. તેને હિસાબે તેને ઓસ્ટીઓ આરથ્રાઇટીસ (વા) ની તકલીફ થઇ ગઇ હતી. તેને ચાલવામાં બેસવામાં કે કંઇ પણ કામ કરવામાં તેને ખુબ તકલીફ પડતી હતી. ડોકટરોને પણ આની પાછળનું ચોક્કસ કારણ મળ્યું નહીં .તેણે મેડિકલ ચેક અપ તેમજ માઇક્રોસ્કોપીક ચેક-અપ પણ કરાવ્યું હતું. પરંતુ તેમાં કશું જાણવા મળ્યું નહીં .તે અત્યારે ૧૨ માં ધોરણમાં છે અને તેને એકઝામ પણ આપવી હતી. મેં મારા સાથી જયોતિબેન, સ્વીટી, પુનમ, ફોરમ વિગેરે એ મળીને તેને ગ્રુપ રેકિ આપવાની શરૂ કરી. અમે તેને અગ્નિહોત્ર શરૂ કરવાનું પણ કહ્યું, તેમજ મીઠાના પાણીથી ન્હાવાનું કહ્યું. એક જ અઠવાડીયામાં તે ચાલવા લાગી અને તેણે ૧૨માની ની પરીક્ષા પણ આપી. તેણે રેકિ પણ શીખી અને તેણે ગયા સપ્તાહમાં સેકન્ડ ડીગ્રી પણ લીધી અને હવે તે ડીસ્ટન્ટ રેકિ આપવા માટે સક્ષમ બની ગઇ છે.

– સીમા ત્રિવેદી (રેકિ માસ્ટર)

પ્રથમ ડીગ્રી રેકિ લીધા પછી મારામાં ઘણું સારૂં પરિવર્તન થયું. મારી ચિંતા દૂર થઇ છે અને હું દિવસ દરમ્યાન ખૂબ શાંત અને સ્વસ્થ રહી શકું છું. મારા પેશન્ટ અને તેમાંય ખાસ કરીને સાઇકો પેશન્ટ પર ઘણી હકારાત્મક અસર જોવા મળી છે. મને ખાત્રી છે કે રેકિ મને મારા પેશન્ટને સારી રીતે હીલ (heal) કરવામાં જરૂર મદદ કરશે.

– ડો. કવિત કોલામ્બે (નાસિક)

રેકિનો મારો માટોમાં મોટો અનુભવ એ છે કે હવે હું ચિંતામુકત બની ગઇ છું અને મને વિશ્વાસ છે કે રેકિની મદદથી હું મારા જીવનમાં આવનારી ગમે તે પરિસ્થિતિનો સામનો કરી શકીશ. પ્રથમ ડીગ્રી રેકિ શીખ્યા પછી મેં તેનો પ્રયોગ મારી પ્રિય માતા પર જ કર્યો હતો. મને મારી બહેનનો ફોન આવ્યો કે મારા મમ્મી ખૂબ સીરીયસ છે તેથી હું મારા પિયર ના ગામે વિદર્ભ પહોંચી અને મને લાગ્યું કે મારે તેમને ટચ રેકિ આપવી જોઇએ. ત્યાર પછી હું ત્યાં જયાં સુધી રહી ત્યાં સુધી મેં તેમને ટચ રેકિ આપી. મને જણાવતા આનંદ થાય છે કે મારા મમ્મી કે જે પોતાની આંખો પણ ખોલી શકતા ન હતા કે પોતાના પલંગ પર બેસી પણ શકતા ન હતા તે અત્યારે ઘરમાં આરામથી ફરે છે. તેમની અશકિત પણ દૂર થઇ હતી. પરંતુ કમનસીબે ગયા મહિને તેમનું અવસાન થયું. પરંતુ મને એ વાતની ખુશી છે કે મારા મમ્મીની હું કંઇક સેવા કરી શકી અને તેમની દિકરી કંઇક ચમત્કાર કરી શકે છે તે બાબતથી તેઓ પણ ખુશ હતા. જયારે તેઓ મારી પાસેથી રેકિ લેતા ત્યારે તેમની આંખમાં જે પ્રેમ અને પ્રશંશાનો ભાવ હતો તે હું કદાપી ભૂલી શકીશ નહીં .હું મારી માતાને તેના છેલ્લા દિવસોમાં ખુશ રાખવા શકિતમાન બની તે માટે હું રેકિનો આભાર માનુ છું.

મારા આ શરીર રૂપી મંદિરમાં
હૃદય રૂપી સિંહાસન પર
હું મધર રેકિની પૂજા કરૂં છું.

– શ્રીમતી છાયા ઘમન્ડી

હું ૨૭-૨૮ માર્ચે રેકિ શીખી, તે ઉનાળાની શરૂઆત હતી. તેના પછી ૧૦-૧૨ દિવસમાં જ વાતાવરણમાં ગરમી વધવા લગી હતી. મારા પતિએ કહ્યું કે આપણે કુલરની કરીદી કરીશું અને અમે કુલરના અલગ અલગ મોડેલ જોવા શો-રૂમમાં પણ ગયા. બીજા જ દિવસે મારા પુત્રએ જણાવ્યું કે તેના કલાસીસ તેમજ કોલેજની ફીઝના ૩૫૦૦૦ રૂા. ભરવાના છે. મેં અને મારા પતિએ વિચાર્યું કે કુલર કરીદવા કરતાં પુત્રાનું ભણતર અગત્યનું છે. મેં આમજ કહ્યું કે વરસાદ વહેલો થશે અને ગરમી ઘટી જશે. અમે કુલરની ખરીદીનો વિચાર પડતો મૂકયો અને હું રોજ રેકિ લેવા લાગી. અમે મારા અશ્ચર્ય વચ્ચે વરસાદ પહેલી જુને થયો અને તે તેના નિર્ધારીત સમય કરતાં ૧૫ દિવસ વહેલો હતો. મને સમજાયું કે રેકિ મારા રોજીંદા જીવનમાં કેવી રીતે મદદરૂપ થાય છે.

– રાજશ્રી ભાવસાર

# શ્વાનના હીલીંગનો રસપ્રદ અનુભવ

- સિદ્ધિ જોગલેકર અને રિદ્ધિ પટેલ

**રેકિ હીલીંગ:**

રેકિની પહેલી અને બીજી ડીગ્રી સેમિનાર દરમ્યાન અમને શીખડાવવામાં આવેલું કે પ્રાણીઓ પ્રત્યે પણ કૃતજ્ઞતાનો ભાવ રાખવો. ૨૦૦૫ માં રેકિની બીજી ડીગ્રી શીખ્યા પછી, થોડા દિવસો પહેલાં અમને એક શ્વાનના હીલીંગનો સુંદર અનુભવ થયો.

ભોલું નામના એક કુતરાને પારવો નામના વાયરસે હુમલો કર્યો કે જે ખૂબ જ ચેપી છે. એવું મનાય છે કે જો કુતરાને પાર્વો વાયરસનો ચેક લાગે તો તે Detect થાય તેના ૨૪ કલાકમાં જ તેનું મૃત્યું થાય છે.

**લક્ષણો :**

જે શ્વાન પર આ રોગના જંતુ હુમલો કરે છે તેમાં ૫-૧૦ દિવસમાં નિચેના લક્ષણો જોવા મળે છે.



આ લક્ષણોમાં આળસ, ઉલટી, તાવ અને ઝાડા (જેમાં લોહી પડે છે) થાય છે. ઝાડા અને ઉલટીને લીધે તેમાં પાણી ઓછું થઇ જાય છે (ડીહાઇડ્રેશન) જેને હિસાબે કુતરામાં electrolyte નું લેવલ અસંતુલિત થઇ જવાથી તેની હાલત કટોકટી ભરી બને છે આંતરડાની અંદરની દિવાલને પણ અસર થતી હોવાથી, લોહી અને પ્રોટીન આંતરડામાં ભળે છે અને તેનાથી એનિમિયા અને પ્રોટીન loss થાય છે અને endotoxin લોહીના પ્રવાહમાંથી નીકળી જવાથી તેનાથી endotoxemia થાય છે. તે કુતરાના શરીરમાંથી દુર્ગંધ આવે છે. શ્વેત કણો ઓછા થતા જાય છે જે કુતરાને વધારે અશકત બનાવે છે. આ બધા કારણોથી કે આમાંના એકાદ કારણથી શ્વાનનું મૃત્યુ થાય છે. C.P.V. ની પહેલી નિશાની નિષ્ક્રિયતા છે. અને તે પછીનું લક્ષણ ભૂખ ન લાગવી, ઝાડા અથવા ઉલટી થવી તે છે.

આવા શ્વાનને વેટરનરી હોસ્પીટલમાં દાખલ ન કરતા તેના માલિક કે જે તેની ખૂબ સંભાળ લઇ શકે છે તે જ સારવાર આપે છે. તેનો માલિક તેને દવા તેમજ ઇન્જેકશન ડોકટરના માર્ગદર્શન નીચે આપે છે. મારા સહિત કેટલાક રેકિ સાધકો (ભાવના ચૌહાન, નિમિષા થોરીયા, પ્રજ્ઞા સયાનીયા અને પ્રદિપ ભટ્ટ) જેઓ મારી સાથે મારી ઓફિસમાં કામ કરે છે. તે બધા તેને ટચ રેકિ દિવસમાં બે વાર આપતા હતાં હવે 'ભોલુ ડોગ' પાર્વો વાયરસ સાથે ૨૦ દિવસ લડયા પછી સાજો થવામાં છે.

હજુ પણ તેનામાં અશકિત તેમજ નિષ્ક્રિયતા તો છે પરંતુ તેમાં પણ સમય જતાં સારૂ થઇ જશે.

આવી સુંદર રેકિ-ટેકનીક શીખવવા બદલ ગુરૂજીનો ખૂબ ખૂબ આભાર.

અને અમને રેકિના આવા જાદુઇ અનુભવ કરવા માટેનો મંચ પુરો પાડવા માટે પણ ગુરૂજીનો ખૂબ ખૂબ આભાર.

# રેકિ અને અગ્નિહોત્રના સંયોજન દ્વારા વિસ્મયકારક હીલીંગ

- કરણ ભોલા (રાજકોટ)

ગુરૂજીના શુભાશ વાદ સાથે ૨૦૦૫ માં મે રાજકોટમાં અગ્નિહોત્ર કરવાની શરૂઆત કરી. અને જેઓ આ વિસ્મયકારક હીલીંગથેરેપીમાં રસ ધરાવતા હતા તેમને અગ્નિહોત્ર યોગ્ય રીતે શીખવવાની શરૂઆત કરી.

ત્રાણેક વર્ષ પહેલા સાધકોની એક સામાન્ય મીટીંગમાંગુરૂજીએ અગ્નિહોત્રમાં રેકિના સીમ્બોલનો ઉપયોગ કરી પ્રયોગ કરવા જણાવ્યું. તે ડીસ્ટન્ટ હીલીંગમાંસારૂ પરિણામ આપશે એમ તેમનું માનવું હતું.

મેં તે વાત પકડી લીધી અને એ રીતે અગ્નિહોત્રમાં પ્રયોગ કરવાનું શરૂ કરી દીધું અને મને ઘણાજ વિસ્મયકારક તેમજ ત્વરીત પરિણામો મળ્યા.

ત્યાર પછી આ વાત અન્ય સાધકોને પણ કરી. તેમને પણ ખૂબ સારા રીઝલ્ટ મળ્યાં

અગ્નિહોત્રમાં રેકિના સીમ્બોલનો પ્રયોગ કરવા માટે તમારે તેની તૈયારીમાં તો (ગાયના છાણમાંથી બનાવેલા) છાણા, ગાયનું ઘી, અને પોલીશ કર્યા વગરનાં ચોખા જ લેવાના છે પરંતુ ફરક માત્ર એટલો જ છે કે હોમ કરવા માટે આપણે જે ચોખા લઇએ છીએ તેના પર જ સંકલ્પ સાથે ત્રાણ સીમ્બોલ દોરીને પછી તે સંકલ્પ સાથે તેની આહુતિ આપવી.

આ રીતે ૨૧ દિવસ સુધી આહુતિ આપવી. મેં આહુતિ આપવાના ચોખાની અલગ અલગ ઢગલી કરીને તેના પર સીમ્બોલ દોરીને એક સાથે નવ જણાને પણ રેકિ આપી છે અને બધાના સારા પરિણામો પ્રાપ્ત થયા છે.

બાકીતો મધર રેકિ જેને માટે જે યોગ્ય હોય છે તે કરે જ છે.



અગ્નિહોત્ર માટે જરૂરી વસ્તુઓ



જર્મદા નદીમાં હોડીમાં અગ્નિહોત્ર

# ગુરૂજીની આગામી અમેરિકા યાત્રા

આપ સહુને જાણીને આનંદ થશે કે બ્રીહન મહારાષ્ટ્ર મંડળ કે જેમાં બાવન મહારાષ્ટ્ર મંડળનો સમાવેશ છે. તેમણે આપણા ગુરૂજીને અમેરિકાના મહાસંમેલનમાં મુખ્ય વકતા તરીકે આમંત્રિત કર્યા છે. B.M.M. નું સંમેલન અમેરિકામાં દર વર્ષે અલગ અલગ સ્થળે યોજવામાં આવે છે. આ વર્ષે તે સંમેલન ૨૨ થી ૨૪ જુલાઇ ૨૦૧૧ દરમ્યાન શિકાગોમાં યોજવામાં આવ્યું છે. આ સંમેલન આશરે ૪૦૦૦ લોકો ભાગ લે તેવી અપેક્ષા છે. ગુરૂજી રેકિના અલગ અલગ પરિણામ વિશે વાત કરશે અને રેકિની ઊર્જાનો જીવનના વિવિધ પાસાઓ પર કેવો પ્રભાવ હોય છે તે પણ સમજાવશે. તે સંમેલન બાદ ગુરૂજી આઠ દિવસ વધુ રોકાશે અને રેકિના ત્રાણ સેમિનાર લેશે. તે ઉપરાંત પહેલી ઓગસ્ટે શિકાગો સ્થિત રેકિ સાધકો માટે એક દિવસના ઇન્ટેન્સીવ સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું છે. બધા જ સેમિનાર નીચે આપેલા એડ્રેસ પર આયોજીન થયા છે.

| ક્રમ નં. | તારીખ | ડીગ્રી | સ્થળ | કોન્ટેક પર્સન અને નંબર |
|---|---|---|---|---|
| ૧ | ૨૫, ૨૬ જુલાઇ | ૧ લી | ઘનશ્યામ / જયોતિબેન પટેલ<br>૧૨૩ ફાઉન્ડર્સ પોઇન્ટ સાઉથ<br>બ્લુમીં ગડેલII 60108 | ઉર્સુલાબેન પટેલ<br>(574) 551 3231 (C)<br>urup65@gmail.com |
| ૨ | ૨૭, ૨૮ જુલાઇ | ૨ જી | ઘનશ્યામ / જયોતિબેન પટેલ<br>૧૨૩ ફાઉન્ડર્સ પોઇન્ટ સાઉથ<br>બ્લુમીં ગડેલII 60108 | બકુલ ખારા<br>(847) 215 1453 (H)<br>bakulkhara@hotmail.com |
| ૩ | ૩૦, ૩૧ જુલાઇ | ૨ જી | ઘનશ્યામ / જયોતિબેન પટેલ<br>૧૨૩ ફાઉન્ડર્સ પોઇન્ટ સાઉથ<br>બ્લુમીં ગડેલII 60108 | કૃપા પટેલ<br>(224) 770 0492 (C)<br>krupavb@gmail.com |

## ગુરુપૂર્ણિમા ઉત્સવ

૧૫ જુલાઇ ૨૦૧૧

**નાસિક મહારાષ્ટ્ર**

પાટીદાર ભવન, દ્વારકા પાસે,
પૂર્ણિમા બસ સ્ટોપ, નાસારડી પુલ
નાસિક પુના રોડ, નાસિક

વિષય : દેવરૂખ આશ્રમ દિનચર્યા

## આશ્રમ જ્ઞાન

રેકિ ટીચીં ગટીમના મારા એક સહકાર્યકર્તાએ નોકરી કરતી મહિલાઓ ને લક્ષમાં લઈને ભારપૂર્વક જણાવ્યું કે મહિલાઓએ કદાપી નોકરી કરવી ન જોઈએ અને તેમણે ઘરની જ જવાબદારી સંભાળવી જોઈએ કારણ કે સ્ત્રીઓ મુલાધાર ચક્ર કરતાં સ્વાધિષ્ઠાન ચક્રથી વધારે પ્રભાવિત હોય છે તેમના આવા વિધાનથી તે ગ્રુપમાં ઘણી મહિલાઓને દુઃખ થયું કારણ કે તેઓ નોકરી કરતી હતી અને તેમને એમ લાગ્યું કે તેમના પર જ આવા વિધાન દ્વારા પ્રહાર કરવામાં આવ્યો છે. એ હકીકત છે કે પુરૂષ અને સ્ત્રીમાં ચક્રનું માળખું અલગ અલગ છે, તેથી તેના માટે અલગ સમજ જરૂરી છે. ચક્ર વાસ્તવમાં લાક્ષણિકતાનું નિર્માણ કરે છે. મૂળ સ્વભાવ કે જેને આપણે માનવ પ્રકૃતિ પણ કહીએ છીએ. જો વ્યકિત તેની સહજ પ્રકૃતિ અનુસાર વર્તન કરે તો તેને કશો મનસિક સંતાપ થતો નથી. 'સ્વધર્માત મ્રીયતે મૃત્યું' એવું ભગવાન કૃષ્ણે પણ અર્જુનને ગીતામાં કહ્યું છે. તમારા સહજ સ્વભાવમાં જ રહો અને સંતાપ રહીત રહો. મારા પંદર વર્ષના રેકિ શિક્ષણ દરમ્યાન મારી સમજમાં આવ્યું છે કે સત્યનું પ્રત્યારોપણ પણ અમુક રીતે જ કરી શકાય છે. ત્યારે વ્યકિતએ અહમ્‌ને બાજુ પર રાખવો જોઈએ. તમે પ્રહાર ન કરી શકો. તમારે તેમના અહંકારને જાગૃત ન કરવો જોઈએ. તે માટે તમારે અહમ્ શું છે અને તે કયાં છે તે સારી રીતે સમજવું જોઈએ. આગળ જણાવ્યા પ્રમાણે સ્ત્રીઓ સ્વાધિષ્ઠાન ચક્ર દ્વારા વધારે પ્રભાવિત થાય છે જયારે પુરૂષો પર મૂલાધાર ચક્રની વધારે અસર થાય છે. સહુથી રસપ્રદ વાત તો એ છે કે સ્ત્રીઓનો અહમ્ સ્વાધિષ્ઠાન ચક્રના ગુણો પર આધારીત છે અને પુરૂષોમાં તો મૂલાધાર ચક્રના ગુણો સાથે સબંધિત છે. તેથી સ્ત્રીઓ સાથે વાત કરતી વખતે તેની પ્રકૃતિ વિષે વાત કરવામાં ધ્યાન રાખવું જરૂરી છે. પરંતુ તમે તેની પ્રવૃત્તિ વિશે બેફિકર વાત કરી શકો છો. તેવી જ રીતે પુરૂષો સાથે વાત કરતી વખતે તમારે તેની પ્રવૃત્તિ વિષે વાત કરવામાં સાવધાની રાખવાની જરૂરી છે જેથી તેમને દુઃખ ન થાય પરંતુ તમે તેમની સહજ પ્રવૃત્તિ વિશે આસાનીથી વાત કરી શકો. તેઓ તે વાતને હસી કાઢશે. જયારે મહિલાઓ નહીં .સ્ત્રીઓનો અહમ્ પોતે કેવી છે તેમાં રહેલો છે જયારે પુરૂષનો અહમ્ તે શું પ્રવૃત્તિ કરે છે તેમાં રહેલો છે માટે દરેકે સ્ત્રી, પુરૂષની ચક્ર આધારીત તેમની પ્રકૃતિને સમજવી જોઈએ. ત્યાર પછી જ તે સત્યને સમજાવી શકાશે.

''માત્ર ધરતી માતા અને પ્રાચીન માયા સંસ્કૃતિને જ ખબર છે કે શું થવાનું છે.''

-સર્પન્ટ ઓફ લાઈટ માંથી

## રેકિ સેમીનારનું સમય પત્રક

| ક્રમાંક | તારીખ | સ્થળ | માસ્ટર | ડીગ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨, ૩ જુલાઇ | દેવરૂખ | અજીતસર | પ્રથમ |
| ૨ | ૯, ૧૦ જુલાઇ | રાજકોટ | સીમાબેન | પ્રથમ (બાળકો) |
| ૩ | ૨૫, ૨૬ જુલાઇ | શિકાગો | અજીતસર | દ્વિતિય |
| ૪ | ૨૮, ૨૯ જુલાઇ | શિકાગો | અજીતસર | પ્રથમ |
| ૫ | ૩૦, ૩૧ જુલાઇ | શિકાગો | અજીતસર | પ્રથમ |
| ૬ | ૧૪, ૧૫ ઓગસ્ટ | થાણા | અજીતસર | પ્રથમ |
| ૭ | ૧૮, ૧૯ ઓગસ્ટ | વડોદરા | અજીતસર | પ્રથમ |
| ૮ | ૨૦, ૨૧ ઓગસ્ટ | અમદાવાદ | અજીતસર | દ્વિતિય |
| ૯ | ૧૭, ૧૮ સપ્ટેમ્બર | થાણા | અજીતસર | પ્રથમ |